# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

1) ઇલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઇનમાં ભારતને આત્મનિર્ભર બનાવવા માટે ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ યોજનાને કેબિનેટે મંજૂરી આપી
2) કેન્દ્રીય મંત્રીમંડળે ફોસ્ફેટિક અને પોટાસિક ખાતરો પર ખરીફ પાક સિઝન માટે પોષક તત્વો આધારિત સબસિડી દરને મંજૂરી આપી
3) મ્યાનમાર અને બેંગકોકમાં આવેલા વિનાશક ભૂકંપને કારણે અનેકના મોતની આશંકા.. ભારતે તમામ સહાય કરવાની ખાત્રી આપી
4) ભારતના માળખાગત ઉત્પાદનમાં 2.9 ટકાનો વધારો થયો
5) આઇપીએલની મેચમાં આજે ચૈન્નઇ સુપર કિંગ્સે ટોસ જીતીને રોયલ ચેલન્જર્સ બેંગ્લોરને બેટીંગ સોંપી

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CABINET BRIEFING

કેન્દ્ર સરકારે આજે દેશમાં ઇલેક્ટ્રોનિક માલના ઉત્પાદનને વેગ આપવા અને ઇલેક્ટ્રોનિક્સ સપ્લાય ચેઇનને મજબૂત બનાવવા માટે ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમને મંજૂરી આપી છે.

આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, છેલ્લા દસ વર્ષમાં ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. તેમણે કહ્યું કે, ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં 17 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિદર સાથે પાંચ ગણો વધારો થયો છે જ્યારે ઇલેક્ટ્રોનિક નિકાસમાં આ વર્ષોમાં 20 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દરનો વધારો જોવા મળ્યો છે.

## (બાઇટ- અશ્વિની વૈષ્ણવ, ઇલેક્ટ્રોનિક્સ )

મંત્રીમંડળે બિહારના કોસી મેચી ઇન્ટ્રા-સ્ટેટલિંક પ્રોજેક્ટને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના- એક્સિલરેટેડ ઇરિગેશન બેનિફિટ્સ પ્રોગ્રામ (PMKSY-AIBP) હેઠળ સમાવવાની મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રી શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, સરકારે ખેડૂતોને પોષણક્ષમ, સબસિડીવાળા અને વાજબી ખાતરો સુનિશ્ચિત કરવા માટે ખરીફ 2025 માટે ફોસ્ફેટિક અને પોટાશ ખાતરો પર પોષક તત્વો આધારિત સબસિડી દરોને પણ મંજૂરી આપી છે.

## (બાઇટ- અશ્વિની વૈષ્ણવ, DAP, FARMAR)

...2...

મંત્રીએ એ પણ માહિતી આપી કે સરકારે બિહારમાં 120.10 કિલોમીટર લંબાઈવાળા ચાર-લેન ગ્રીનફિલ્ડ અને બ્રાઉનફિલ્ડ પટના-અરાહ-સાસારામ કોરિડોરના નિર્માણને મંજૂરી આપી છે.

(બાઇટ- અશ્વિની વૈષ્ણવ, BIHAR HIGHWAY)

શ્રી વૈષ્ણવે કહ્યું કે, સરકારે કેન્દ્ર સરકારના કર્મચારીઓને 2 ટકા મોંઘવારી ભથ્થું અને પેન્શનરોને મોંઘવારી રાહત મંજૂર કરી છે. તેમણે કહ્યું કે, આ આ વર્ષની પહેલી જાન્યુઆરીથી અમલમાં આવશે. આનાથી, ૪૮.૬૬ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૬૬.૫૫ લાખ પેન્શનરોને લાભ થશે.

. . . . . . . . . . . . . . .

## LS NADDA PMJAY

**કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ આજે જણાવ્યું હતું કે, આ વર્ષે પહેલી માર્ચ સુધીમાં આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ 1.26 લાખ કરોડ રૂપિયાના ખર્ચે 8.9 કરોડથી વધુ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની મંજૂરી અપાઇ છે. લોકસભામાં એક જવાબમાં શ્રી નડ્ડાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં આશા કાર્યકર્તાઓ માટે 10 લાખથી વધુ આયુષ્માન કાર્ડ અને આંગણવાડી કાર્યકર્તાઓ માટે 1 લાખથી વધુ આઈડી કાર્ડ બનાવવામાં આવ્યા છે.**

**તેમણે કહ્યું કે આ યોજના હેઠળ 13 હજાર 866 ખાનગી હોસ્પિટલો અને 17 હજાર 91 જાહેર હોસ્પિટલો સહિત કુલ 30 હજાર 957 હોસ્પિટલોને**

**સામેલ કરવામાં આવી છે. આરોગ્ય મંત્રીએ માહિતી આપી હતી કે એબી-પીએમજેએવાય હેઠળ 2024-25 માટે 34 હજાર 954 કરોડ રૂપિયાના ખર્ચે 2 કરોડ 21 લાખથી વધુ દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવા અધિકૃત કરાયા છે.**

. . . . . . . . . . . . . . . .

## RS-ADJORUN FOR DAY

રાજ્યસભાને આજે દિવસભર માટે સ્થગિત કરવામાં આવી છે. રાજ્યસભા હવે પહેલી એપ્રિલે સવારે 11 વાગ્યે મળશે. ખાનગી સભ્યોની કાર્યવાહી અને ખાસ ઉલ્લેખ પૂર્ણ કર્યા પછી, અધ્યક્ષે બેઠકને દિવસભર માટે સ્થગિત કરી હતી. આ ઉપરાંત દિવસભરનું સૂચિબદ્ધ કામકાજ પૂર્ણ થતાં લોકસભાની કાર્યવાહી પણ પહેલી એપ્રિલ સવારના અગિયાર વાગ્યા સુધી મોકૂફ રખાઇ હતી.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## EARTHQUAKE

મ્યાનમારમાં આજે રિક્ટર સ્કેલ પર 7.7 અને 6.40 ની તીવ્રતાના બે પ્રચંડ ભૂકંપ પછી ઘણા લોકોના મોતની આશંકા છે. આ પ્રચંડ ભૂકંપ, જેનું કેન્દ્ર સગાઇંગ નજીક હતું, તેના કારણે દેશના માંડલેમાં પુલ ધરાશાયી થયો હતો, જે કથિત રીતે ઇરાવદી નદી અને ઘણી ઇમારતોમાં તૂટી પડ્યો હતો. થાઇલેન્ડની રાજધાની બેંગકોકમાં લગભગ ૧00 કિમી દૂર પણ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા, જેના કારણે લોકોને તેમના ઘરોમાંથી બહાર નીકળવાની ફરજ પડી હતી.

ભૂકંપની અસરને કારણે અનેક ઇમારતોમાંથી લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. થાઇલેન્ડના પ્રધાનમંત્રી પેટોંગટાર્ન શિનવાત્રાએ કટોકટીની સ્થિતિ જાહેર કરી છે.

. . . . . . . . . . . . . . . .

## PM EARTHQUAKE MYANMAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મ્યાનમાર અને થાઇલેન્ડમાં આવેલા ભૂકંપ પર ચિંતા વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ મ્યાનમાર અને થાઇલેન્ડના નાગરિકોની સલામતી અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ભારત તમામ શક્ય સહાય આપવા તૈયાર છે અને વિદેશ

મંત્રાલયને મ્યાનમાર અને થાઇલેન્ડની સરકારો સાથે સંપર્કમાં રહેવા જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

## MEA - PM THAILAND SRI LANKA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છઠ્ઠી BIMSTEC સમિટમાં ભાગ લેવા માટે 3 એપ્રિલે થાઈલેન્ડની બે દિવસીય મુલાકાતે જશે. આજે બપોરે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, સચિવ જયદીપ મઝુમદારે જણાવ્યું હતું કે આ પ્રધાનમંત્રીની થાઈલેન્ડની ત્રીજી મુલાકાત હશે.

પ્રધાનમંત્રી તેમના થાઈ સમકક્ષ પેટોંગટાર્ન શિનાવાત્રા સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેઓ અનેક દ્વિપક્ષીય દસ્તાવેજો પર હસ્તાક્ષર પણ કરશે. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે BIMSTEC સમિટ પછી, પ્રધાનમંત્રી શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેના આમંત્રણ પર 4 થી 6 એપ્રિલ સુધી શ્રીલંકાની યાત્રા કરશે. તેઓ ઉર્જા જોડાણ, ડિજિટાઇઝેશન અને આરોગ્ય ક્ષેત્રોમાં અનેક એમઓયુના વિનિમયના સાક્ષી પણ બનશે.

. . . . . . . . . . . . . . . .

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમ માટે પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 120મી કડી હશે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી મોદીએ

આ કાર્યક્રમ માટે મોટા પ્રમાણમાં સૂચનો મળતાં આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, આ સૂચનો સામાજિક સુખાકારી માટે સામૂહિક પ્રયાસની શક્તિને દર્શાવે છે.

આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચનો ટૉલ-ફ્રી નંબર 1800-11-7800ના માધ્યમથી, નરેન્દ્ર મોદી એપ્લિકેશન અથવા માય-G.O.V. ઑપન ફોરમના માધ્યમથી ઑનલાઈન પણ પોતાના સૂચનો મોકલી શકશે. સૂચનો મોકલવાનો આજે છેલ્લો દિવસ છે.

. . . . . . . . . . . . . . .

**IPL CRICKET**

ઇન્ડિયન પ્રીમયર લીગ- IPL ટી-20 ક્રિકેટની આઠમી મૅચ હાલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે રમાઈ રહી છે. ચેન્નાઈમાં એમ. એ. ચિદમ્બરમ્ સ્ટેડિયમમાં રમાતી મૅચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. ચેન્નાઈની ટીમ ઋતુરાજ ગાયકવાડ અને બેંગ્લુરુની ટીમ રજત પાટીદારના સુકાની હેઠળ રમી રહી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ 5.2 ઑવરમાં 1 વિકેટે 46 રન બનાવ્યા છે.

. . . . . . . . . . . . . . .

## CORE INDUSTRIES DATA

ભારતના માળખાગત ઉત્પાદનમાં 2.9 ટકાનો વધારો થયો છે. આ વૃદ્ધિ સિમેન્ટ, ખાતરો, સ્ટીલ, વીજળી, કોલસો અને રિફાઇનરીના ઉત્પાદન

સહિતના આઠ મુખ્ય ક્ષેત્રોમાંથી છમાં થયેલા વધારાને કારણે થઈ હતી. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા કામચલાઉ ડેટા અનુસાર, સિમેન્ટ ઉત્પાદનમાં 10.5 ટકાનો વધારો થયો છે, ખાતરોમાં 10.2 ટકાનો વધારો થયો છે, સ્ટીલ ઉત્પાદનમાં 5.6 ટકાનો વધારો થયો છે, વીજળીમાં 2.8 ટકાનો વધારો થયો છે અને કોલસાના ઉત્પાદનમાં 1.7 ટકાનો વધારો થયો છે.

. . . . . . . . . . . . . . .

## RRU-VISA MOU

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીએ ભારતમાં સાયબર સુરક્ષા શિક્ષણ અને તાલીમને વેગ આપવા ડિજિટલ પેમેન્ટમાં વૈશ્વિક અગ્રણી વિઝા સાથે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારને કારણે વિદ્યાર્થીઓ, વ્યાવસાયિકો, સાયબર સિક્યોરિટી લીડર્સ અને કાયદા અમલીકરણ એજન્સીઓને ડિજિટલ છેતરપિંડી અને ઉભરતા સાયબર જોખમોનો સામનો કરવા માટે મહત્વપૂર્ણ કૌશલ્યોથી સજ્જ કરશે. RRUના ગાંધીનગર કેમ્પસમાં RRUના વાઇસ ચાન્સેલર પ્રો.ડો. બિમલ એન. પટેલ અને વિઝા ઇન્ડિયા અને સાઉથ એશિયાના ગ્રૂપ કન્ટ્રી મેનેજર સંદીપ ઘોષની ઉપસ્થિતિમાં આ એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . . . .